ક્રમાંકઃઉક/એમએસએમઇ/ટે.૨/1074916
ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.૧/૨, ઉદ્યોગભવન,
સેકટર-૧૧, ગાંધીનગર.
તાઃ- 20/૦૫/૨૦૧૫.

પ્રતિ,
પ્રમુખશ્રી/ સેક્રેટરીશ્રી,

વિષયઃ નવી ઔધોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત માર્કેટ ડેવલપમેન્ટ આસીસ્ટન્ટના ઠરાવ અન્વયે સ્કીમ નંઃ૧ માટે 2 થી 3 વર્ષ સમયગાળા દરમ્યાન યોજાનાર માન્ય એક્ઝીબીશન/પ્રદર્શનની યાદી તૈયાર કરવા બાબત

સંદર્ભ- ઉદ્યોગ અને ખાણ વિભાગનો પત્રક્રઃGR NO GFC-102014-923625-P,DT.27/2/2015

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,નવી ઔધોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત માર્કેટ ડેવલપમેન્ટ આસીસ્ટન્ટ યોજના માટેનો ઠરાવ સંદર્ભ-૧ પરના પત્રથી જાહેર કરવામાં આવે છે. સદરહુ ઠરાવમાં સ્કીમનં. ૧ અંતર્ગત મેન્યુફેકચરીંગ એમએસએમઇ સેકટરને ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન/ફેડરેશન/એમ્બર ઓફ કોમર્સ દ્વારા યોજાતા એકઝીબીશનમાં ભાગ લેવા માટે Assistance આપવાનીયોજના અમલીકરણ હેઠળ છે. સ્કીમ નં ૧ નું લાભ મેળવવા માટે ઠરાવ હેઠળ સ્ટેટ લેવલ એપ્રૂવલ કમીટી (SLAC) દ્વારા જે-જે પ્રદર્શનોને માન્યતા આપવામાં આવી હશે તેવા પ્રદર્શનો પુરતો લાભ આપવામાં આવશે. જે માટે આપના ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન/ ફેડરેશન/ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આગામી 3 વર્ષ દરમ્યાન યોજાનાર એકઝીબીશન વિશેની માહિતી નીચેના નમુનામાં ભરીને તાત્કાલિક દિન-૧૫માં અત્રેની કચેરીને સંપૂર્ણ વિગતો મોકલી આપવા વિનંતી છે.

1. સંસ્થાનું નામ
2. એક્ઝીબીશન/પ્રદર્શનનું સ્થળ
3. એક્ઝીબીશન/પ્રદર્શનનો સમયગાળો
4. એક્ઝીબીશન/ પ્રદર્શનનો કુલ એરિયા (વિસ્તાર) કેટલો રહેશે ? તેમાંથી સ્ટોલ માટેનો વિસ્તારકેટલો રહેશે?
5. કોઇ ચોક્કસસેક્ટર માટે એક્ઝીબીશન/પ્રદર્શનનું આયોજનકરેલ હોય તો તેની માહિતી
6. થીમ પેવેલીયન/ની સંખ્યા અને સ્ટોલની સંખ્યા

7. કુલ સ્ટોલ પૈકી એકમો (MSE/મધ્યમ/મોટાએકમો ) તથા ઉત્પાદકો માટે કેટલા સ્ટોલ છે તેની વિગત.
8. Exhibition નો પ્રકાર સ્ટેટ લેવલ/નેશનલ લેવલ/ઇન્ટરનેશનલ લેવલ તે જણાવવુ.
9. પાર્કીંગ/ ખાણીપીણી / ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા છે?
10. આવનારા મુલાકાતી કેટલા હશે અને તેમના માટે માર્ગદર્શન/ KIOSK ની વ્યવસ્થા છે?
11. કુલ બજેટ કેટલુ છે?

આપના તરફથી ઉપરોકત માહિતી મળ્યા બાદ સ્ટેટ લેવલ એપ્રૂવલ કમીટી (SLAC) દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યના એમ.એસ.એમ.ઇ એકમોને અને ઔદ્યોગિક વિકાસને ધ્યાને લઇ કયા-કયા એક્ઝીબીશન/ પ્રદર્શનને પ્રોત્સાહન માટે માન્યતા આપવી તેની વિચારણા થઇ શકે. આપના તરફથી માહિતી નહીં મળવાના સંજોગોમાં આવા કોઇ પ્રદર્શન ને MDA Scheme ના ઠરાવની સ્કીમ નં:૧ માટે માન્યતા મેળવવા ઇચ્છતા નથી તેમ માનવાનું રહે છે જે વિદિત થાય.

<u>(નોંધ: દરેક કાર્યક્રમ માટે અલગ-અલગ ફોર્મ ભરવાનું રહેશે.)</u>

આપનો વિશ્વાસુ ,

સંયુકત ઉદ્યોગ કમિશનર (એમએસએમઇ)

<u>નકલ સવિનય રવાનાઃ</u>

૧) મેનેજીંગ ડીરેકટરશ્રી,ઇન્ડેક્ષ્ટ-બી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
૨) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, તમામ.

~~નોંધ~~:-
નવી ~~ઔદ્યોગિક~~ નીતિ-૨૦૧૫ અંતર્ગત માર્કેટ ડેવલપમેન્ટ ~~આસીસ્ટન્ટ~~ યોજના ~~માટેનો ઠરાવ ૧/સી~~